મહત્તમ : ૪૩.૮ ડીગ્રી
લઘુતમ : ૨૮.૨ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૧૮ ટકા
ગાંધીનગર તાપમાન

ગાંધીનગર શહેરના યુવા ખેલાડીઓ વિવિધ રમતોમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ તેમની પ્રતિભા પ્રદર્શિત કરી રહ્યા છે. તાજેતરમાં પંજાબના જલંધર ખાતે સોફ્ટ ટેનિસ રમતની ૧૫મી સિનિયર નેશનલ ચેમ્પિયનશીપ યોજાઈ હતી. આ રમતમાં ગાંધીનગરના ખેલાડીઓએ ટીમ ઈવેન્ટમાં તૃતીય ક્રમાંક હાંસલ કરી શહેરનું નામ રોશન કર્યુ છે. આ ટીમમાં ભાર્ગવ આયર, પ્રકાશ ધોબી તથા હર્ષદિપ પરમારનો સમાવેશ થાય છે.

સેકટર-૨૩માં સરકારી મકાનમાંથી રૂ. ૩.૪૫ લાખની મત્તાની ઘરફોડ

બંધ મકાનનું ઈન્ટરલોક તોડી અંદરથી સોના-ચાંદીના ઘરેણાં, મુર્તિ, સિક્કાઓ અને ટેબ્લેટની ચોરી કરી તસ્કરો રફુચક્કર

ગાંધીનગર, તા.૧૯

શહેરના સેકટર-૨૩ જી-૧ ટાઈપ ખાતે સરકારી મકાનમાં રાત્રી દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. બંધ મકાનના મુખ્ય દરવાજાનું ઈન્ટરલોક તોડીને તસ્કરો મકાનમાં ઘુસી અંદરથી સોના ચાંદીના ઘરેણાં, ચાંદીની મૂર્તિ, ચાંદીના સિક્કાઓ ટેબ્લેટ તથા રોકડ મળી કુલ રૂ. ૩.૪૫ લાખની મત્તાની ચોરી કરી ટળકી રફુચક્કર થઈ ગઈ હતી. મકાનમાલિકે ઘરફોડ ચોરી અંગે સે-૨૧ પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા સેકન્ડ પી.આઈ. વી.એલ. ચાવડાએ ગુનો દાખલ કરી ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

સેકટર-૨૩ જી-૧ ટાઈપ બ્લોક નં. ૫૪/૨ ખાતે રહેતા હિતેન્દ્રભાઈ રામચંદ્રભાઈ ગાજરીયા ગઈ કાલે બપોરે ત્રણેક વાગ્યાના અરસામાં ઘરને બહારથી તાળુ મારી પરિવાર સાથે બહારગામ ગયા હતાં. આજે સવારે દશેક વાગ્યાના અરસામાં ઘરે પરત ફર્યા તો તેમના મકાનનું તાળુ અને ઈન્ટરલોક તુટેલી હાલતમાં હતું અને ઘરમાં સરસામાન વેર વિખેર પડયો હતો. રાત્રિ દરમિયાન તેમના મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરો કળા કરી ગયા હોવાની શંકા છે. મકાનમાંથી તસ્કરો સોનાના અને ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા ચાંદીની મૂર્તિ, ટેબ્લેટ અને રોકડ રકમ મળી કુલ રૂ. ૩,૪૫,૯૦૦ની કિંમતની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મકાન માલિક હિતેન્દ્રભાઈ ગાજરીયાએ આ મામલે ફરિયાદ આપતા સે-૨૧ પોલિસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરીને ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા ડોગ સ્કવોર્ડ બોલાવી વૈજ્ઞાનિક ઢબે તપાસ શરુ કરી છે.

@ગાંધીનગર

● શ્રીમદ ભાગવતગીતા પુસ્તકનો લોકાર્પણ સમારોહ રાત્રે ૮.૩૦ કલાકે ટાઉનહોલ, સે-૧૭ ખાતે યોજાશે.

વાતવાતમાં

● હેપ્પી યુથ કલબ દ્વારા યોજાયેલા રકતદાન શિબિરમાં ગાંધીનગર નાગરિક બેંકના કર્મચારી ગૌતમ વહિયાએ ૫૮ વર્ષની ઉંમરે રકતદાન કર્યું હતું. આ શિબિરમાં ૩૯મી વાર રકતદાન કરવા આવલા એક રકતદાતાને બીપી લો હોવાને કારણે તેમનું રકતદાન લઈ શકાયું નહોતું.

● ગુરુવારે રાત્રે સેકટર-૩-ન્યુમાં ફરી એકવાર વિજળી વેરણ થવા પામી હતી. ઉનાળાની ગરમીના સમયમાં વારંવાર વિજળી ડૂલ થવાને કારણે વસાહતીઓ પરેશાનીનો ભોગ બની રહ્યા છે.

● ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં એક ફલેટમાં રહેતા ૪૬ વર્ષીય વિજય જયંતિભાઈ પટેલ નામના વેપારી તા. ૧૭મીએ ઘરેથી ધંધાર્થે વિરમગામ જવાનું કહી ગયા બાદ તેમનો પત્તો મળ્યો નથી. તેમના ગુમ થવા અંગે તેમની પત્નિએ ઈન્ફોસીટી પોલિસ સ્ટેશને જાણવા જોગ ફરિયાદ નોંધાવતા પોલિસે તપાસ હાથ ધરી છે.

વાવોલ સેન્ટ્રલ બેંકના મેનેજર તરીકે પૂર્ણિમા ચૌધરી મુકાયા

વાવોલ, તા.૧૯

વાવોલ સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના મેનેજર રીકે પૂર્ણિમા ચૌધરી બદલી થઈ આવ્યા છે. પૂર્ણિમા ચૌધરી અગાઉ સેકટર-૨૫ જીઆઈડીસી બેંકના મેનેજર તરીકે હતા. અગાઉના મેનેજર દિપક શાહની અમદાવાદ ખાતે સોલા બ્રાન્ચમાં બદલી થઈ છે તેમજ કંચનબેન પટેલની ડુંગરી-સુરત બદલી થઈ છે.

શ્રી શાહને ગ્રામજનોએ શુભેચ્છા પાઠવી હતી અને નવા આવેલા મેનેજર પૂર્ણિમા ચૌધરીને આવકાર આપ્યો હતો. આ બેંક ૪૦ વર્ષ જુની છે.

અવસાન નોંધ

ગાંધીનગર શહેરના સેકટર-૩-એ ન્યુ પ્લોટ નં. ૨૪૫/૨ શિવશકિત મંદિર પાસે રહેતા ૭૯ વર્ષીય નિવૃત્ત કર્મચારી સોની અમૃતલાલ છોટાલાલનું દુઃખદ અવસાન તા. ૧૮-૫-૧૭ના રોજ થયેલ છે. તેમના અવસાનથી પરિવાર અને સેકટરમાં ઘેરા શોકની લાગણી પ્રસરી જવા પામી છે. તેમના સરળ અને સાલસ સ્વભાવને પગલે સેકટરવાસીઓમાં તેઓ આગવું સ્થાન ધરાવતા હતા. સદગતનું બેસણું તથા જ્ઞાતિના રીવાજ મુજબ સુંવાળા તા. ૨૨-૫-૧૭ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે તેઓના નિવાસસ્થાન સે-૩-એ ન્યુ ખાતે રાખેલ છે તેમ તેમના દિકરા સોની રાજુભાઈ, પંકજભાઈ, લલીતભાઈ, બીપીનભાઈએ જણાવ્યું છે.

ચિરવિદાય

- સ્વ. કંકુબેન નારણભાઈ પટેલ, ઉ.વ. ૮૬
- સ્વ. અમરતભાઈ કેશવલાલ નાયી, ઉ.વ. ૬૭
- સ્વ. લીલાબેન ઈશ્વરભાઈ મારવાડી, ઉ.વ. ૨૭
- સ્વ. લક્ષ્મીબેન પ્રહલાદભાઈ પટેલ, ઉ.વ. ૭૬
- સ્વ. ચંદ્રકાન્ત કેશવલાલ પટેલ, ઉ.વ. ૬૫

આજે ગાંધી ફુટબૉલ ટુર્નામેન્ટનું સમાપન

ફાઈનલ મેચ બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ અને એવોર્ડ વિતરણ સમારોહ સાથે ભવ્ય સમાપન યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના સેકટર-૩-એ ખાતે ટર્ફ ઘ-૧ ગ્રાઉન્ડ પર યોજાયેલ ગાંધી ફુટબૉલ ટુર્નામેન્ટની આવતીકાલે તા. ૨૦મીએ શનિવારના રોજ ફાઈનલ મેચ તથા સમાપન યોજાશે. સાંજે ૭ થી રાત્રિના ૧૨ કલાક દરમિયાન યોજાનારા આ કાર્યક્રમમાં ટુર્નામેન્ટમાં ભાગ લેનારી તમામ ૬૦ ટીમોના ખેલાડીઓ તથા આયોજકો ઉપસ્થિત રહેશે. સમાપન પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

કેપિટલ ક્રિએટીવ કલબ સહિત પાટનગર ફ્રેન્ડઝ કલબ, મેરા ભારત મહાન ફેન કલબ, યુથ સર્કલ સેકટર-૨, ૩, ૩ ન્યુ, ૪, ૫, ૬, ૭ અને સિધ્ધિ વિનાયક ફ્રેન્ડસ ગ્રૂપ દ્વારા સંયુકત ઉપક્રમે યોજવામાં આવેલ ગાંધી ફુટબૉલ ટુર્નામેન્ટ-૨૦૧૭માં શહેરના યુવા ફુટબોલ ખેલાડીઓને તેમની પ્રતિભા પ્રદર્શિત કરવાનો મોકો મળ્યો છે. આ ટુર્નામેન્ટના ઉદઘાટન પ્રસંગે વિવિધ અગ્રણીઓ તથા રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા. ટુર્નામેન્ટના આયોજન બાબત કેપિટલ ક્રિએટીવ કલબના મુકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે સાંપ્રત સમયમાં મેદાની રમતમાં ઘટાડો થઈ રહ્યો છે ત્યારે શારિરીક સૌષ્ઠવ જાળવી રાખવા અંગે યુવાનોમાં જાગૃતિ આવે તેવા શુભ હેતુથી આ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

ટુર્નામેન્ટના સમાપન સમારોહમાં નગરના વસાહતીઓની ઉપસ્થિતિમાં સ્પોન્સર્સ દ્વારા એવોર્ડ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે. ટુર્નામેન્ટની સફળતા માટે મુકેશભાઈ પંડયા, રમેશભાઈ, રાજેન્દ્રસિંહ ચાવડા, શકિતસિંહ વાઘેલા, જીતેશ ટેલર, મુકેશ મારુ, વિશાલ સોની વગેરે સહિત અન્ય સ્વયંસેવકો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી.

ગાંધીનગર નાગરિક બેંક ખાતે હેપ્પી યુથ કલબનો રકતદાન શિબિર સંપન્ન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની હેપ્પી યુથ કલબ દ્વારા આજે તેના દ્વિતિય સ્થાપના દિન નિમિત્તે સ્વૈચ્છિક રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર નાગરિક કો-ઓપ. બેંકના સૌજન્યથી બેંકના તાલિમ હોલ ખાતે યોજાયેલ રકતદાન શિબિરમાં શહેરના રકતદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

સ્વૈચ્છિક રકતદાન શિબિરના પ્રારંભે ગાંધીનગના મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ, નાગરિક બેંકના ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, મેનેજીંગ ડિરેકટર મનુભાઈ પટેલ, ડિરેકટર હિમાંશુભાઈ પટેલ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

રકતદાન શિબિરનો પ્રારંભ ગાયત્રી મંત્રોચ્ચારથી કરવામાં આવ્યો હતો. શિબિરમાં કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, સામાજિક અગ્રણીઓ જીલુભા ધાંધલ, પ્રદિપસિંહ વાઘેલા, જયરાજસિંહ સરવૈયા, આશાબેન સરવૈયા, એડવોકેટ અશ્વિન ત્રિવેદી વગેરેએ ઉપસ્થિત રહી આયોજકો તથા રકતદાતાઓને પ્રોત્સાહિત કર્યા હતા. સમગ્ર રકતદાન શિબિરનું આયોજન ઈન્ડિયન રેડકોસ સોસાયટીના સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં સિવિલ હોસ્પિટલની તબીબી ટીમે ડૉ. પરાગી ગાંધીના નેતૃત્વ હેઠળ રકત એકત્ર કરવાની સેવાઓ આપી હતી. હેપ્પી યુથ કલબના સ્વયંસેવકોએ શિબિરને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

ગાંધીનગર નાગરિક કો.બેંક દ્વારા મહિલા સશકિતકરણ ધિરાણ અભિયાન

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા મહિલા સશકિતકરણ (ડિજીટલ લીટરસી) ધિરાણ યોજનાના કરેલ ઉદઘાટનના ભાગરૂપે જિલ્લાની અગ્રગણ્ય નાગરિક સહકારી બેંક દ્વારા આયોજિત મીટીંગમાં મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, જિલ્લા સહકારી સંઘના પ્રમુખ કોદરભાઈ પટેલ તથા મહાનગરપાલિકાના મેયર પ્રવિણભાઈ પટેલ, બેંકના મેનેજીંગ ડીરેકટર તથા મહાનગર પાલિકાની સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ બી. પટેલ હાજર રહ્યા હતા. અન્ય સહકારી બેંકના અધિકારીઓ, લાયોનેસ કલબના અગ્રગણ્ય મહિલાઓને સહકારી બેંકના ફેડરશન દ્વારા મોબાઈલ, ટેબલેટની ખરીદી માટેની ધિરાણ યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ ધિરાણ યોજનામાં નજીવા વ્યાજના દરે શાળામાં ભણતી વિદ્યાર્થીનીઓ તથા અન્ય મહિલાઓને મોબાઈલ/ટેબલેટની ખરીદી ધિરાણ મેળવીને કરી શકશે તેમ જનરલ મેનેજરશ્રીએ જણાવેલ છે.

અક્ષરધામ બસ સ્ટેન્ડ પાસેથી એલસીબીએ મોબાઈલ ચોર પકડયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ એસ.બી. પઢેરીયા અને તેમનો સ્ટાફ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતો તે દરમિયાન મળેલી બાતમીને આધારે અક્ષરધામ બસ સ્ટેન્ડ પાસેથી એક શખ્સને પકડયો હતો. સેકટર-૨૦ મહાકાળી મંદિર પાસે પ્લોટ નં. ૧માં રહેતા મૌલિક વિક્રમગીરી ગોસ્વામી નામના શખ્સને પકડી તેની પાસેથી મળેલા મોબાઈલ અંગે ઝીણવટભરી પુછપરછ કરતાં તે મોબાઈલ ચોરીનો હોવાનું બહાર આવ્યું છે. ૨૨ દિવસ પહેલા બોરીજ ગામમાં ખાટલા નીચે મુકેલા મોબાઈલની ચોરી કરી હતી. જીઓ કંપનીના રૂ. ૧૦ હજારની કિંમતના ચોરીના મોબાઈલ સાથે મૌલિકની ધરપકડ કરી લઈ વધુ તપાસ શરુ કરવામાં આવી છે.

સરગાસણ ગામમાં તબેલામાંથી ભેંસની ઉઠાંતરી

પશુ ચોરો પુનઃ સક્રિય થતા પશુપાલકો ભયભીત

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પશુ તસ્કરી કરતી ગેંગ પુનઃ સક્રિય થતા પશુપાલકોમાં ભયનો માહોલ સર્જાયો છે. તાજેતરમાં સરગાસણમાંથી એક ભેંસની ચોરી થઈ હતી. જો કે આ ચોરાયેલી ભેંસ મળી આવતા ફરિયાદ થવા પામી ન હતી. દરમિયાન બે દિવસ અગાઉ સરગાસણ ગામના રાણાવાસમાં આવેલા એક તબેલામાંથી ભેંસની ઉઠાંતરી થઈ હોવાની વિગત ધ્યાને આવી છે. રાણાવાસમાં રહેતા ગજેન્દ્રસિંહ છત્રસિંહ રાણાના તબેલામાં ત્રણ ભેંસો બાંધેલી હતી. ૧૮મી મે એ રાત્રે સાડા નવથી ૧૭ મે એ સવારે સાડા સાત વાગ્યા સુધીના સમયગાળામાં પશુચોરો ત્રાટકયા હતા. ત્રણ ભેંસો પૈકી એક ભેંસની ચોરી કરી પશુ ચોરો ફરાર થઈ ગયા હતા. રૂ. ૫૫ હજારની કિંમતની ભેંસની ચોરી અંગે પશુપાલકે ઈન્ફોસીટી પોલિસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પીએસઆઈ જે.એચ. મકવાણાએ ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

આઈ લવ માય ગાંધીનગર

મહંમહબીબ શેખ
બેંક માર્કેટિંગ એક્સપર્ટ

ગાંધીનગર ગમે
રાષ્ટ્રપિતા ગાંધીજીનું નામ જોડાયેલું હોવાથી અને સ્વચ્છતા, સભ્યતા, સુંદરતા, સગવડોને કારણે આ શહેર ગમે છે.

નગરજનો
શિક્ષિત, કલા-સંસ્કૃતિપ્રેમી, ઉત્સવપ્રેમી અને સેવાભાવી નાગરિકો આ શહેરમાં વસે છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે
નગરમાં થતી સેવા અને કલા પ્રવૃત્તિઓ ગમે છે.
ગ્રો ફાઉન્ડેશન, જી ઈ કલબ, જુનિયર સિટિઝન કાઉન્સિલ, રેડક્રૉસની પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા
યુવાનોને લોકસેવાનાં કામોમાં જોતરવા માટે યોગ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરવું જોઈએ એવી જરૂરિયાત અનુભવાય છે.

નગર માટે હું કરી શકું
કિશોરો, યુવાનો માટે વ્યક્તિત્વ વિકાસ અંગેના ઉપક્રમો માટે મારી સઘળા પ્રકારની સેવા આપવા હું તૈયાર છું.

વર્લ્ડ ટેલિકોમ એન્ડ ઈન્ફોર્મેશન ડે ઉજવણીમાં બીબીએ કોલેજ જોડાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરની બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન બીબીએના વિદ્યાર્થીઓ દ્વારા સાયન્સ સીટી અમદાવાદ ખાતે વર્લ્ડ ટેલીકોમ અને ઈન્ફોમેશન સોસાયટી ડે ની ઉજવણીમાં ભાગ લીધો હતો. જેમાં ટેલીકોમ્યુનીકેશન, ઈન્ટરનેટ તેમજ વિવિધ સર્ચ એન્જીનથી થતા ડેટા મેનેજમેન્ટ બાબતે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા.

ગુજકોસ્ટના ડાયરેક્ટર ડો. નરોત્તમ સાહુ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું તેમજ ગાંધીનગર ડી.એ.આઈ.આઈ.સી.ટી ના અધ્યાપક ડો.બિશ્વજિત મિશ્રા દ્વારા વિદ્યાર્થીઓ ને 'બીગ ડેટા ફોર બીગ ઈમ્પેક્ટ' વિષય ઉપર ચાવીરૂપ માર્ગદર્શન આપ્યું હતું. સમગ્ર વિશ્વમાં વર્લ્ડ ટેલીકોમ અને ઈન્ફોર્મેશન સોસાયટી ડે બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા. સમગ્ર વિષયને વિદ્યાર્થીઓ માટે રસપ્રદ બનાવી ટેલીકોમ્યુનીકેશનની શરૂઆત ૧૫૦ વર્ષ પહેલા થઈ હતી. ત્યારથી લઈ અત્યારના ઝડપી યુગમાં તેના મહત્વ બાબતે વિસ્તૃત માહિતી આપી હતી. આજે સમગ્ર વિશ્વની માનવ વસ્તી ૭૦૦ કરોડથી વધારે છે. ત્યારે તેની સામે આપણો વિસ્તૃત ઈન્ટરનેટ ડેટા ત્રણ ગણો વધારે છે. ત્યારે આ ડેટા બાબતે દરેક વ્યક્તિ જાગૃત બને તે ખુબ આવશ્યક છે.

સ્માર્ટ સીટીના કન્સેપ્ટમાં પણ ટેલીકોમ્યુનીકેશનની મહત્વની ભૂમિકા રહેલી છે. જે બાબતે વિદ્યાર્થીઓને જાગૃત કરવામાં આવ્યા હતા.

ઈન્ટરનેટ ઓફ થિંગ્સ બાબતે મેનેજમેન્ટના વિદ્યાર્થીઓ કઈ રીતે ડેટા મેનેજમેન્ટ તેમજ સંચાર વ્યવસ્થામાં આવનાર પડકારો માટે કાર્ય કરી શકે તે બાબતે સમજાવ્યું હતું. આજના વર્કશોપમાં ટી સી એસમાંથી સાહિલ વોરા હાજર રહ્યા હતા. જેમણે વિદ્યાર્થીઓને ઈન્ટરનેટ ઓફ થિંગ્સ બાબતે માહિતગાર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન કોલેજ તરફથી પ્રિન્સીપાલ ડો. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ ધર્મેન્દ્ર રાઠોડ પ્રો.મેથ્યુ જહોન, તેમજ પ્રો.ઉન્નતી વ્યાસ દ્વારા સફળતાપૂર્વક સંપન્ન કરવામાં આવ્યું હતું.

આરટીઓ દ્વારા ચિલોડામાં પ્રદર્શન

દફતરે નોંધો દર્શાવવા નોકરીયાતોને મેમા આપ્યા : કમાઉ દીકરા એવા શટલીયા, ઓવરલોડીંગ અને લકઝરીઓને છુટો દોર

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર નજીક વાહન વ્યવહારથી ભરપુર એવા ચિલોડા હાઈવે ઉપર આરટીઓએ ચેકીંગ નામનું નાટક ભજવતા લોકોમાં ટીકાઓ શરુ થઈ છે. દફતરે નોંધો દર્શાવવા ભજવેલા નાટકમાં દૈનિક પોતાના વાહનમાં અપ ડાઉન કરતા નોકરીયાતો ભોગ બન્યા હતા જયારે કમાઉ દિકરા ગણાતા શટલીયા, લકઝરીબસો અને ઓવરલોડીંગ ટ્રકો બિન્દાસ્ત રીતે પસાર થતી હોવાનું જણાયું હતું. આરટીઓ પણ પોતાની ફરજ બજાવવામાં ઉણી ઉતરી હોય તેમ ફકત એક-બે દિવસનો દેખાડો કરી અદૃશ્ય થઈ જતાં મુસાફરોએ પણ તંત્રની આ કાર્યપ્રણાલીને વખોડી હતી.

ચિલોડા-અમદાવાદ-ગાંધીનગર-હિંમતનગર વચ્ચેના નેશનલ હાઈવે ઉપર દૈનિક અસંખ્ય કર્મચારીઓ પોતાના વાહનોમાં અવરજવર કરતા હોય છે તેમજ આ માર્ગ ઉપર શટલીયા ઈકોકાર, કપચી તથા અન્ય માલસામાન ભરેલી ઓવરલોડીંગ ટ્રકો અને લકઝરી બસો મોટી સંખ્યામાં વહન કરતી હોય છે. દરમિયાન ચિલોડા હાઈવે ઉપર આરટીઓએ ધામા નાખી દફતરે નોંધો પાડવાનો જ જાણે ચોકકસ હેતુ હોય તે રીતે સ્ટાફને કામે લગાવી દઈ અપડાઉન કરતા નોકરીયાતોની કારોને રોકીને મેમા આપવાનું શરુ કરી દીધું હતું. જેમાં આક્ષેપ ન થાય તે હેતુથી અમુક લકઝરીબસો સાથે કેટલાક અન્ય વાહનોને અટકાવી કામગીરીનો રીતસર દેખાડો કર્યો હતો.

આરટીઓની આ કાર્યપધ્ધતિથી કેટલાક નોકરીયાતોને ફરજ ઉપર રજા મુકવી પડી હતી તથા બીજી ઘણી અગવડ ભોગવવી પડી હતી તો બીજી તરફ છેલ્લા ઘણા સમયથી બિન્દાસ્ત ઓવરલોડીંગ ટ્રકોને છુટો દોર અપાઈ રહ્યો છે. આમ આરટીઓની વ્હાલા દવલાની તેમજ સેટીંગ હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા આજે વ્યાખ્યાનમાળા યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા વિવિધ સાહિત્યિક કાર્યક્રમો તથા વ્યાખ્યાન માળાનું આયોજન કરવામાં આવે છે. જે સંદર્ભે સાહિત્ય સભાના સભ્ય પ્રજ્ઞાબેન પટેલ દ્વારા સદગત માતા-પિતા વાસ્તલ્યમૂર્તિ સ્વ. શ્રીમતી રેવાબહેન પટેલ અને સ્વ. શ્રી આત્મારામભાઈ કા. પટેલ (જાણીતા સાહિત્યકાર અને સમાજસેવી લાડોલ, જિ. મહેસાણા)ની સ્મૃતિમાં દ્વિતિય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

વ્યાખ્યાનનો વિષય 'રચનાની આંતરકથા' છે. વકતા તરીકે ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ સુપ્રસિધ્ધ સર્જક શ્રી ચંદ્રકાંત ટોપીવાળા વકતવ્ય આપશે. અતિથિવિશેષ પદે જાણીતા લેખિકા શ્રીમતી શાલનીબહેન ટોપીવાળા ઉપસ્થિત રહેશે. તા. ૨૦મીમેના સવારે સાડા નવ કલાકે સે-૨ ઉના ફાર્મસી કોલેજ કેમ્પસમાં બ્રહ્માણી કૃપા મેમોરિયલ હોલમાં કાર્યક્રમ યોજાશે. સાહિત્યકાર પ્રજ્ઞાબેન પટેલ અને પરિવાર તથા મુળજીભાઈ પરમાર અને સંજયભાઈ થોરાત અને ગાંધીનગર સાહિત્ય સભાએ સાહિત્ય રસિકોને હાજર રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.